## Recitation of Ana(n)t Akhādo over 40 days

### Day19

આશાજી સુરજા રાણી ત્યાંથી ચાલી આવે, આવે નરને દુઆરજી;
કોલ દીધા તે પાલો મોરા સામી, મહેર કરો કરો મોરા સામી.
હરી૦ (૨૨૬)

આશાજી માહાદન અમે નજરે ન દેખું, એ અમે મન પતીણાજી;
કરણી કમાઈ જેની પુરી હોશે, તે જીવ બેસશે શાહજીકે પાસ.
હરી૦ (૨૨૭)

આશાજી દઈંત દાણવ દુષ્ટિ થાશેં, નારી શાહકે પાસજી;
કરણી કમાઇ પોતાની ખાશે, લેશો હાથોહી હાથ. હરી. (૨૨૮)

આશાજી કરણી કરશે ને જીવ ખાસે, બીજો નહી કોઇ આવેજી;
સેન દેખી પાછા વળશે, જાશે અપણે દુઆર. હરી૦ (૨૨૯)

આશાજી તોરણ બાંધ્યા ત્યાંથી વળશે, જાશે તે જંગલ જંઝાળજી;
કોઇ ત્યાં વાત ન પુછે, હોશેં એહી હેરાન. હરી૦ (૨૩૦)

આશાજી સુરજા રાણી શાહકે પાસે, પલંગે ચમર ઢરાવેજી;
કમલાકુંવર વા જ નાખે, તે સીર છત્ર ઢરાયે. હરી૦ (૨૩૧)

આશાજી આઠે પ્રાણી પાગજ બાંધશે, કરશે જયજયકારજી;
ધન ધન કરણી કમલાકુંવર તણી, કરશે શાહની હુશીયારી.
હરી૦ (૨૩૨)

## Recitation of Ana(n)t Akhādo over 40 days

### Day 19 (continued)

આશાજી કરણી કરશે તેં મેલામાંહે મળશે, હોશે જયજયકારજી;
સરગ મરત પઇયારજ માંહે, સાંખ હોશે નીરવાણ. હરી૦ (૨૩૩)

આશાજી સરવ સરીખા સરવ મળશે, મળશે દેવ દુઆરેજી;
સાચી સુકરીત તે ફ્લ લેશે, લેશે ઇમામને હાથ. હરી૦ (૨૩૪)

આશાજી અણગણ્યા ત્યાં દલ મલશે, મલશે શાહને દુઆરજી;
સહુ કોઈ આપણી આપણી કરસે, ગુર કરે નરની શ્રેવા.
હરી૦ (૨૩૫)

આશાજી સહુને હાથે માણક મોતી, ઝલકે હીરા અપારજી;
સોના કેરી કાયા ઝલકે, હોશે અમરત વાણી. હરી૦ (૨૩૬)

આશાજી શેસ્ત્ર હાથી શેસ્ત્ર ઘોડા, સરવે એકી મોરે ઉભાજી;
સહુ કોઇ જાંપ પીરશાહનું જંપે, અલી થાયે અસ્વાર. હરી. (૨૩૭)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhādo. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)